INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૦-૦૧-૨૦૨૪**

- **5 ટ્રીલીયનની અર્થવ્યવસ્થા અને ખેડુતોની આવક બમણીના ખોટા વાયદા વચ્ચે ભારતમા કપાસનુ ઉત્પાદન અને ગુણવત્તા ઘટી.**
- **મોદી સરકારની ખેતી વિરોધી વલણને કારણે જાહેર કરેલી બે ડઝન યોજના છતાં ૨૦૨૩-૨૪ મા કપાસ ઉત્પાદન છેલ્લા દસ વર્ષના તળીએ.**
- **૨૦૧૪ મા કપાસનો ભાવ ૧૪૦૦ રુપિયા પ્રતિ ૨૦ કિગ્રા હતો અને આજે દસ વર્ષ પછી ૧૪૦૦ રુપિયા ભાવ મળતા હોવાને કારણે ખેડુતોના આત્મહત્યાના બનાવો વધ્યા છે..**

આ વર્ષે માત્ર ૨૯૪ લાખ ગાસડી કપાસના ઉત્પાદનનો અંદાજ છે જે ગત વર્ષની સરખામણીમા ૭ થી ૮ % ઓછુ હશે.ભારતમા ૨૦૧૩-૧૪મા સૌથી વધુ ઉત્પાદન ૫૭૫ કીગ્રા પ્રતિ હેકટર નોંધાયુ હતુ.ત્યાર બાદ સતત ઘટતુ જાય છે.છેલ્લા દાયકામા ૩૦ % ઉત્પાદનમા ઘટાડો થયો છે.

ભારતમા આશરે ૧૨૫ લાખ હેકટર્સ વિસ્તારમા કપાસનુ વાવેતર થાય છે જે વિશ્વના કુલ વાવેતર વિસ્તારના ૩૨ % છે. એક અંદાજ મુજબ આ વર્ષે ૨૦૨૩-૨૪ મા ૧૫ વર્ષનુ સૌથી ઓછુ એટલે હેકટર દીઠ ૩૯૧ કિગ્રા ઉત્પાદન મળવાની શક્યતા છે જ્યારે વિશ્વ સ્તરે સરેરાશ ૬૭૦ થી ૬૮૦ કિગ્રા પ્રતિ હેકટર ઉત્પાદન નોંધાય છે.

ભારતમા કપાસનુ ઉત્પાદન અને ગુણવત્તા સતત ઘટવાનુ પ્રમુખ કારણ ભાજપાની ખેડુત વિરોધી નિતીઓ..

- ➢ કૃષિ નિષ્ણાંતોના મતે ભારતમા કપાસનુ ઉત્પાદન ઘટવુ ચિંતાજનક.
- ➢ છેલ્લા એક દાયકાથી કપાસની સક્ષમ ઉત્પાદન ધરાવતી નવી સુધારેલી જાતો બહાર પાડવાની જવાબદારીમાથી રાજ્ય અને કેન્દ્ર સરકારે હાથ બહાર કાઢીને ખાનગી બીજ ઉત્પાદકોના ભરોશે ખેડુતોને છોડી દીધા અને છેલ્લા એક દાયકાથી કપાસમા બીજમા રાજ્ય કે કેન્દ્ર સરકારની કૃષિ યુનિ. એ કોઇ નવુ સંશોધન આપ્યુ નથી.
- ➢ કૃષિ પાકમા ઉત્પાદનને અસર કરતુ મહત્વનુ પરિબળ બીયારણ છે, હાલના અનઅધિકૃત બિયારણો વેચતા ખાનગી બીજ ઉત્પાદકો ઉપર સરકારનો કોઇ કાબુ નથી એટલે ગુણવત્તા વગરના બિયારણોને કારણે પાક નિષ્ફળ જાય છે અને ખેડુતો આર્થિક નુકશાની ભોગવે છે,
- ➢ ભારતમા ૭૦ % કપાસની બિન પિયત ખેતી છે, છેલ્લા દાયકામા પિયત વાવેતર વિસ્તારમા વધારો કરવાના કેન્દ્ર સરકારે કોઇ પ્રયાસો ન કર્યા. ઉપરાંત ખેતી માટે વિજળીની સમસ્યા ઉકેલવામા પણ કેન્દ્ર સરકાર ગંભીર નથી.
- ➢ કપાસના પાકનુ ઉત્પાદન વધે કે કપાસની ગુણવતા સુધારવા માટે કોઇ ખાસ સંશોધન છેલ્લા દસ વર્ષમા કેન્દ્ર સરકારના પ્રયાસોથી વિકસાવવામા આવ્યુ નહી.
- ➢ કપાસના પાક ઉત્પાદનમા ઉપર બિયારણ પછી સૌથી મહત્વનુ પરિબળ પાક સરક્ષણ અને પાક સુરક્ષા છે. કપાસના પાકને ગુલાબી ઈયળ સામે સંરક્ષણ આપવુ અને ભુંડ,રેઢીયાર પશુઓ કે જંગલી જાનવર સામે સુરક્ષાની બાબત ગંભીર સમસ્યા છે,આ સમસ્યાના નિવારણ માટે કેન્દ્ર સરકારે કોઇ પગલા ભરેલ નથી.

- મોન્સાન્ટો કંપનીની જીએમ ટેકનોલોજીની જાતો બે દાયકાથી ભારતમા વાવતર થાય છે અને ૨૦૧૪ પછી કપાસ ઉત્પાદન અને ગુણવત્તા બન્ને ઘટી છે, છતાં સરકારી કૃષિ યુનિ.ઓ યોગ્ય ભલામણ કરવામા પણ નિષ્ફળ ગઈ છે.
- ૨૦૧૭ મા મોન્સાન્ટો કંપનીએ પોતાની ટૅકનોલોજીને ભારતમાથી ડી રેગ્યુલેટ કરી દીધી છે,એટલે કે ટેકનોલોજીના માલીકે પોતાની જવાબદારીમાથી હાથ બહાર કાઢી લીધા છે છતા તેની જ ટેકનોલોજીવાળી બોલગાર્ડ જાતો ૨૦૧૭ પછી પણ ભારતના ખાનગી બીટી કપાસ બીજ ઉત્પાદકો બેફામ ખેડુતોને વેચે છે. ખેડુતોને પાક સુરક્ષાનુ કોઇ કવચ સરકાર તરફથી નથી.
- ભારતમા કેન્દ્ર સરકારે ખેડુતોના જોખમે ખાનગી બીટી બીજ ઉત્પાદકોને વેચાણ માટે છુટ આપેલ. ઉપરાંત ભારતમા મોદી સરકારે જીએમ ટેકનોલોજીમા તેની સમાંતર કૃષિ સંશોધન કરી કપાસની ઉત્તમ ગુણવત્તાવાળી નવી જાતો ખેડુતોને આપવામા નિષ્ફળ ગઈ.
- કપાસની ખેતી દેશના મુખ્ય ૯ રાજ્યોમા થાય છે તે તમામ રાજ્યોમા કપાસના પાક સંગ્રહ માટે અદ્યતન માળખાગત સુવિધાનો અભાવ છે.જેથી પાકના બગાડ અને ગુણવત્તાના પ્રશ્નો ઉભા થાય છે અને તેની ભાવ ઉપર સીધી અસર થાય છે, અને માળખાગત સુવિધાના અભાવે આંતરાષ્ટ્રીય બજારમા કપાસના પુરતા ભાવ મળતા નથી.

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ